

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રી : પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-40 ■ તા. 26-09-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## ભારતના ૯૧ ટકા ગામોમાં સહકારી મંડળીઓ : અમિત શાહ

ન્યુ દિલ્હી, તા.૨૫

કૃષિ ક્ષેત્રમાં સરકારની સફળતા ગણાવતા ગૃહમંત્રીએ કહ્યું કે, છેલ્લાં સાત વર્ષમાં મોદીજી ઘણાં પરિવર્તન લાવ્યા છે. ૨૦૦૯-૧૦માં કૃષિ બજેટ ૧૨,૦૦૦ કરોડ રૂપિયા હતું. ૨૦૨૦-૨૧માં કૃષિ બજેટ વધારીને ૧,૩૪,૪૯૯ કરોડ રૂપિયા કરવામાં આવ્યા હતા. અમિત શાહે એવુ પણ કહ્યું કે, ભારતમાં ૯૧ ટકા ગામડાઓમાં સહકારી મંડળીઓ છે. દેશની ૫ ટ્રિલિયનની ઈકોનોમી માટે સહકારી મંડળીઓની જરૂર છે. તેમાં તેમણે મહિલાઓના યોગદાનના પણ વખાણ કર્યા છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, અમે નક્કી કર્યું છે કે, અમુક સમયમાં નવી સહકારી નીતિ જે પહેલાં ૨૦૦૨માં અટલજી લઈને આવ્યા હતા અને હવે ૨૦૨૨માં મોદીજી લઈને આવશે. આઝાદીના અમૃત મહોત્સવમાં નવી સહકારી નીતિ બનાવવાની અમે શરૂઆત કરીશું. તેમણે કહ્યું કે, ભારત સરકારનું સહકારી મંત્રાલય દરેક રાજ્યોને સાથે લઈને ચાલવામાં માને છે. સરકારી મંડળીઓના મૂળ સુધી પહોંચવાનું કામ આ મંત્રાલય દ્વારા કરવામાં આવશે. ગૃહમંત્રીએ કહ્યું કે, ગ્રામીણ વિસ્તારમાં દરેક વંચિત લોકો સુધી વિકાસ પહોંચાડવાની જવાબદારી સહકારી મંડળીઓની છે. સહકારી મંત્રાલય કો-ઓપરેટિવ સંસ્થાને મજબૂત કરશે, તેમને આગળ વધારશે. તેમને આધુનિક બનાવશે, તેમના પારદર્શક બનાવશે.દેશમાં આજે પહેલીવાર સહકારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં સહકારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનનમાં કેન્દ્રીય ગૃહ અને સહકારી મંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે, આપણે કામનો વિસ્તાર વધારવાનો છે. તેમણે કહ્યું કે, ભારતના સંસ્કારોમાં સહકારની ભાવના છે. તેમણે કહ્યું કે, ગરીબો અને પછાતવર્ગના વિકાસ માટે સહકાર ખૂબ જરૂરી છે. અમિત શાહે



તેમના સંબોધનમાં કહ્યું હતું કે, સહકારી મંડળીના લોકો કોઈ પરિપત્ર નથી જોતા, કોઈ પણ મુશ્કેલી આવતા મદદ માટે તૈયાર થઈ જાય છે. સહકારી મંડળીઓ પૂર હોય, સાઈક્લોન હોય કઈ પણ

**ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, સહકારી મંડળીઓ સાથે ૩૬ લાખ કરોડ પરિવારજનો જોડાયેલા છે**

મુશ્કેલી હોય તેઓ મદદ કરવા માટે હંમેશા તૈયાર હોય છે. સહકારી મંડળીઓના ઘણાં ઉતાર-ચઢાવ જોયા છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, સહકારી મંડળીઓ સાથે ૩૬ લાખ કરોડ પરિવારજનો જોડાયેલા છે.

સહકારી મંડળીઓના ઉદ્દેશ હોય છે સૌને સાથે લઈને ચાલવું. તે ભારતના સંસ્કારોમાં છે. સહકાર સમૃદ્ધિનો નવો મંત્ર છે. હવે સહકારી મંડળીઓનું વિસ્તરણ કરવું જરૂરી છે. બધાએ સાથે મળીને એક લક્ષ્યને મેળવવા માટે સાથે મળીને કામ કરવાનું છે. તેમણે કહ્યું કે, ૫ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી કરવા માટે હવે સહકારી મંડળીઓ પણ દેશને મદદ કરશે. સહકારી આંદોલન ભારતના ગ્રામીણ સમાજની પ્રગતિ પણ કરશે અને નવી સામાજિક મૂડીનો કોન્સેપ્ટ પણ તૈયાર કરશે.

## ભારત સૌથી ખતરનાક 30 પ્રીડેટર ડ્રોન ખરીદશે

વોશિંગ્ટન , તા.૨૫

બ્લેકસ્ટોનના સહ-સ્થાપક, ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ સ્ટીફન શ્વાર્ઝમેને વડાપ્રધાન મોદીની પ્રશંસા કરતાં કહ્યું કે, પીએમ મોદી સાથે મારી મુલાકાત ખૂબ જ સારી રહી. બ્લેકસ્ટોને અગાઉથી જ ભારતમાં ૬૦ અબજ યુએસ ડોલરનું રોકાણ કર્યું છે અને આગામી પાંચ વર્ષમાં વધુ ૪૦ અબજ યુએસ ડોલરનું રોકાણ કરવાની કંપનીની યોજના છે. સ્ટીફને કહ્યું કે, ભારત દુનિયામાં રોકાણ માટે બ્લેકસ્ટોનનું સૌથી સારું બજાર છે. હવે તે દુનિયામાં સૌથી ઝડપથી પ્રગતિ કરતો દેશ છે. તેથી ભારતમાં રોકાણ અંગે અમે ખૂબ જ આશાવાદી છીએ. મોદી સરકારની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે, વિદેશી કંપનીઓ માટે આ ખૂબ જ અનુકૂળ સરકાર છે. આ સરકાર સુધારાલક્ષી અને ઉદ્દેશ્યપૂર્ણ છે. શ્વાર્ઝમેને પીએમ મોદી સાથે નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન અને નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈનના પગલે ભારતમાં વિવિધ રોકાણ તકો અંગે ચર્ચા કરી હતી. બ્લેકસ્ટોને



દેશમાં છેલ્લા દાયકામાં ૨૨ અબજ યુએસ ડોલરનું રોકાણ કર્યું હતું. બ્લેકસ્ટોન ભારતમાં સૌથી મોટી પ્રાઈવેટ માર્કેટ ઈન્વેસ્ટરમાંની એક છે.

તે ભારતમાં સૌથી મોટી કોમર્શિયલ રિયલ એસ્ટેટ માલિક છે. કંપની સમગ્ર દેશમાં ઓફિસો અને રિટેલ મોલ સાથે ૧૩૦ મિલિયનનો પોર્ટફોલિયો ધરાવે છે. કંપનીએ ૨૦૨૧ના પહેલા ચાર મહિનામાં જ ૫.૫ અબજ યુએસ ડોલરનું રોકાણ કર્યું છે. ભારત કંપની માટે સૌથી સફળ રોકાણ સ્થળ છે.અમેરિકાના પ્રવાસના પહેલા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ ક્ષેત્રમાં અમેરિકાની ટોચની પાંચ કંપનીઓના સીઈઓ સાથે વન-ટુ-વન મુલાકાત કરી હતી, જેમાં ન્યૂક્લિયર અને ડિફેન્સ સેક્ટરની દિગ્ગજ કંપની જનરલ એટોમિક્સ અને અમેરિકન ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપની બ્લેકસ્ટોનનો સમાવેશ થાય છે. જનરલ એટોમિક્સના સીઈઓ વિવેક લાલ સાથે મોદીની બેઠક ૨૦ મિનિટ ચાલી હતી. ભારત આ કંપની પાસેથી વિશ્વના સૌથી ખતરનાક ૩૦ પ્રીડેટર ડ્રોન ખરીદવા તૈયાર છે. ન્યૂક્લિયર અને ડિફેન્સ ક્ષેત્રની દિગ્ગજ કંપની જનરલ એટોમિક્સ ખતરનાક પ્રીડેટર ડ્રોનની ઉત્પાદક છે. કંપની અગાઉથી જ ભારતને લેટેસ્ટ ડિફેન્સ ટેક્નોલોજી સપોર્ટ પૂરો પાડવા કામ કરી રહી છે.

જનરલ એટોમિક્સના સીઈઓ વિવેક લાલ સાથેની બેઠકને પગલે અમેરિકાના પ્રીડેટર ડ્રોન ખરીદવાની ભારતની ઈચ્છા વહેલી તકે પૂરી થઈ શકે છે. ભારત અંદાજે ૨૨,૦૦૦ કરોડ રૂપિયામાં દુનિયાની સૌથી ખતરનાક અને આધુનિક ટેક્નોલોજીથી સજ્જ ૩૦ પ્રીડેટર ડ્રોન ખરીદવા માટે તૈયાર છે. ભારત આર્મી, નેવી અને એરફોર્સ એમ ત્રણે સેનાઓ માટે ૧૦-૧૦ પ્રીડેટર ડ્રોન ખરીદવા માગે છે. આ ડ્રોન હવામાં સતત ૩૫ કલાક સુધી ઉડ્ડયન કરી શકે છે. તે ૫૦ હજાર ફૂટની ઊંચાઈ પર ૩,૦૦૦ કિ.મી.નો પ્રવાસ કરી શકે છે.

તે કહેવા માટે જ ડ્રોન છે, પરંતુ તે કોઈપણ એડવાન્સ ફાઈટર જેટ જેટલું જ સક્ષમ છે. તેના પર ખતરનાક મિસાઈલો ફીટ થઈ શકે છે. અત્યાધુનિક સર્વેલન્સ સિસ્ટમથી સજ્જ હોવાની સાથે તે ચૂપકિદીથી ટાર્ગેટ પર સચોટ હુમલો કરવામાં પણ નિપુણ છે. પ્રીડેટર ડ્રોનથી જ અમેરિકાએ ઈરાની જનરલ કાસિમ સુલેમાનીને માર્યો હતો.

## પહેલા ભારતે ગલવાન સરહદે ઘૂસણખોરી કરી હતી : ચીન

બેજિંગ , તા.૨૫

ચીને શુક્રવારે આ સમૂહની ટીકા કરતા કહ્યું કે આ વિશિષ્ટ બંદ સમૂહનુ ગઠન વર્તમાન સમયની વિરૂદ્ધ છે. અને તેને કોઈ સમર્થન નહી મળે. ક્વાડ દેશોના નેતાઓની આમને સામને યોજાનારી પહેલી બેઠક છે. ક્વાડ શિખર સમ્મેલનને લઈને ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાને મીડિયાને કહ્યું હતું કે ચારેય દેશોના સંગઠને કોઈ ત્રીજા દેશ અને તેના હિતોને નિશાન ન બનાવવું જોઈએ.ગયા વર્ષે ગલવાન ઘાટીમાં જુન મહિનામાં ચીન અને ભારતીય સૈન્ય વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં ભારતના ૨૦ જવાન શહીદ થયા હતા. ચીની સૈનિકોએ સૌથી પહેલા ગલવાન ઘાટીમાં ઘુસણખોરી કરી હતી, જોકે હવે ચીને પલટી મારી છે અને જુઠાણા ફેલાવતા કહ્યું છે કે ભારત દ્વારા સૌથી પહેલા સરહદના કરારોનો ભંગ કરવામાં આવ્યો હતો.

ગલવાનની આ ઘટના બાદ ભારત અને ચીનનું સૈન્ય ૧૬ મહિના સુધી સામ સામે તકરારમાં રહ્યું હતું. જવાનોએ એકબીજા પર સળિયા, લાકડીઓ, પથ્થરો વડે હુમલો કરી દીધો હતો. ચીની સૈનિકો દ્વારા વધુ ઘાતક હુમલા કરાયા હતા. જ્યારે સામેપક્ષે જવાબી કાર્યવાહીમાં ચીનના પણ પાંચ જેટલા જવાનો માર્યા ગયા હતા. એવામાં ચીને હવે દાવો કર્યો છે કે ગયા વર્ષે ગલવાન ઘાટીમાં ભારત દ્વારા સૌથી પહેલા સરહદના કરારોનો ભંગ કરાયો હતો. બન્ને દેશો માટે સરહદે શાંતિ જળવાઈ રહે તે માટે આ કરારો બહુ જ જરૂરી છે. બીજી તરફ મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનની મુલાકાત પહેલા ચીન ભડકી ઉઠયું હતું. શુક્રવારની બેઠક પહેલા જ ચીને વોશિંગ્ટનમાં અમેરિકા, ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયાના નેતાઓની વચ્ચે ક્વાડ શિખર સમ્મેલનને લઈને કહ્યું છે કે આની કોઈ જ પ્રાસંગિક્તા નથી.

## પાકિસ્તાનના આતંકી સંગઠનો સામે ઈમરાન પગલાં લે : કમલા હેરિસ

વોશિંગ્ટન , તા.૨૫

વડાપ્રધાન મોદીએ અમેરિકન પ્રમુખ બાઈડેન દ્વારા બોલાવાયેલા વૈશ્વિક કોરોના શિખર સંમેલને સંબોધન કર્યું હતું. બાઈડેન ૨૦મી જાન્યુઆરીએ અમેરિકાના પ્રમુખ બન્યા પછી બંને નેતાઓ વચ્ચે પહેલી વ્યક્તિગત બેઠક યોજાઈ રહી છે. બાઈડેને વડાપ્રધાન મોદીને વ્હાઈટ હાઉસમાં ડિનર માટે આમંત્રણ આપ્યું છે. આ ઉપરાંત ક્વાડ નેતાઓની પણ સૌપ્રથમ વ્યક્તિગત બેઠકમાં મોદી અમેરિકન પ્રમુખ બાઈડેન, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન અને જાપાનના વડાપ્રધાન યોશિહિદે સુગા ભારત-પેસિફિક પ્રદેશમાં ચીનના વધતા પ્રભુત્વને અટકાવવા ચર્ચા કરશે અને વ્યૂહરચના ઘડી કાઢશે તેવી આશા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મંત્રણા દરમિયાન, અમેરિકન ઉપપ્રમુખ કમલા હૈરિસે આતંકવાદનો મુદ્દો ઊઠાવતાં પાકિસ્તાનની ઝાટકણી કાઢી હતી અને ઈમરાન ખાનને



પાકિસ્તાનમાં આતંકી સંગઠનો સામે પગલાં લેવા જણાવ્યું હતું. અમેરિકન ઉપપ્રમુખ કમલા હેરિસે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે પાકિસ્તાનમાં આતંકી સંગઠનોને આશરો અપાઈ રહ્યો છે અને તેના પર કાર્યવાહીની જરૂર છે. કમલા હેરિસે પીએમ મોદી સાથેની મુલાકાત દરમિયાન આતંકવાદને પ્રોત્સાહન આપવા બદલ પાકિસ્તાનની ઝાટકણી કાઢી હતી. તેમણે સ્પષ્ટ કહ્યું કે પાકિસ્તાનમાં આતંકી સંગઠનો કામ કરી રહ્યા છે. અમેરિકા અને ભારતની સલામતી પર અસર ન પડે તે માટે તેના દેશમાં ફૂલેલા-ફાલેલા આતંકી સંગઠનો પર ઈમરાન ખાન સરકારે પગલાં લેવા જોઈએ. હેરિસે કહ્યું કે પાકિસ્તાનમાં આતંકી સંગઠનો કામ કરી રહ્યા છે.

તેમણે દાયકાઓથી ભારત સરહદ પારના આતંકવાદનો ભોગ બનતો આવ્યો હોવાની બાબત પર પણ સંમતિ વ્યક્ત કરી હતી. તેમણે કબૂલ્યું કે આવા આતંકી સંગઠનોને પાકિસ્તાનમાંથી મળી રહેલા સહયોગને નજીકથી મોનિટર કરવાની જરૂર છે.

## ભારત-અમેરિકા સાથે મળીને મોટા પડકારોને હરાવી શકે : પીએમ મોદી

વોશિંગ્ટન , તા.૨૫

ભારત અને અમેરિકા બંને દેશો વચ્ચે ગાઢ સંબંધો મજબૂત કરવા, એક સ્વતંત્ર અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક પ્રદેશને જાળવી રાખવા અને કોરોના મહામારીથી લઈને જળવાયુ પરિવર્તન સુધીના દરેક મુદ્દાઓ પર પીએમ મોદી સાથે ચર્ચા કરવા હું આતુર છું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્વાડ શિખર બેઠક પહેલા વ્હાઈટ હાઉસમાં અમેરિકન પ્રમુખ જો બાઈડન સાથે દ્વિ-પક્ષીય બેઠક યોજી હતી. બાઈડન પ્રમુખ બન્યા પછી બંને દેશના ટોચના નેતાઓ વચ્ચે આ પ્રથમ વ્યક્તિગત બેઠક હતી. આ બેઠકમાં તેમણે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બેઠક દરમિયાન બાઈડેને ગાંધીજીના મૂલ્યોને યાદ કરતા કહ્યું કે આ મૂલ્યોની દુનિયાને વર્તમાન સમયમાં વધુ જરૂર છે. અમેરિકન પ્રમુખ જો બાઈડેને વ્હાઈટ હાઉસમાં પીએમ મોદીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. અમેરિકન પ્રમુખ જો બાઈડેન સાથેની બેઠકમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, તમે અમેરિકન પ્રમુખ બન્યા પછી કોરોના મહામારી, જળવાયુ પરિવર્તન હોય કે ક્વાડ, દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પહેલ કરી છે. આ પહેલો આગામી દિવસોમાં ઘણો મોટો પ્રભાવ પેદા કરશે. ભારત માટે આ દાયકો ખૂબ જ મહત્વનો છે.

ભારત અને અમેરિકા સાથે મળીને વિશ્વના અનેક મોટા પડકારોનો સામનો કરી શકે છે. બંને દેશોની પરંપરાઓ, લોકતંત્ર દુનિયા માટે ઉદાહરણરૂપ છે. પીએમ મોદીએ કહ્યું કે, બાઈડેનનું વિઝન અમારા માટે પ્રેરણાદાયી છે. આજે અમેરિકામાં ૪૦ લાખ ભારતીયો રહે છે, જે અમેરિકાને મજબૂત કરવામાં મદદ કરી રહ્યા છે. મહાત્મા ગાંધી હંમેશા કહેતા કે આપણે આ પૃથ્વીના ટ્રસ્ટી છીએ. આ ટ્રસ્ટીશિપની ભાવના પણ ભારત અને અમેરિકાના સંબંધોમાં ખૂબ જ મહત્વની છે. અમેરિકન પ્રમુખ જો બાઈડેને વ્હાઈટ હાઉસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું કે, અમારા સંબંધ પારિવારિક છે.

## મહંતની હત્યા કેસમાં સીબીઆઈની ટીમ પહોંચી પ્રયાગરાજ

નવી દિલ્હી , તા.૨૫

પોલીસે મહંતના રૂમમાંથી કથિત સુસાઈડ નોટ પણ જપ્ત કરી હતી. મહંત નરેન્દ્ર ગિરિને આત્મહત્યા માટે ઉશ્કેરવાના આરોપમાં ત્રણ લોકો આનંદ ગિરિ, આદ્યા તિવારી અને સંદીપ તિવારીને યુપી પોલીસ પહેલા જ ધરપકડ કરી ચૂકી છે. સીબીઆઈ તપાસ કરશે કે મહંતનુ મૃત્યુ હત્યા કે આત્મહત્યા છે.સીબીઆઈ અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્ર ગિરિના મોત મામલે ઔપચારિક તપાસ આજથી શરૂ કરશે. શુક્રવારે સીબીઆઈએ આ મામલે એફઆઈઆર નોંધી હતી. સીબીઆઈ હત્યા કે આત્મહત્યા જેવા એંગલની તપાસ કરશે. સીબીઆઈની ૨૦ સભ્યોની ટીમ પ્રયાગરાજ પહોંચી ચૂકી છે. આ મામલે સીબીઆઈએ પ્રયાગરાજમાં નોંધેલી એફઆઈઆરને ધ્યાનમાં રાખી છે. આ એફઆઈઆર અમર ગિરી પવન મહારાજે નોંધાવી હતી. મહંત નરેન્દ્ર ગિરી ગત સોમવારે બાઘંબરી મઠ સ્થિત પોતાના રૂમમાં મૃત જોવા મળ્યા હતા. પ્રારંભિક પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ગિરીનું મોત ફાંસીના કારણે શ્વાસ રૂંધાવાને કારણે થયુ. ઉત્તર પ્રદેશ પોલીસની એક તપાસ અનુસાર, મહંતને છેલ્લીવાર સોમવારે બપોરે ભોજન બાદ પોતાના રૂમમાં પ્રવેશ કરતા જોવામાં આવ્યા હતા.

## વિશ્વના લોકતંત્રના જોખમની સ્થિતિ સુધારવા ભારતનો સાથ જરૂરી : કમલા હેરીસ

વોશિંગ્ટન , તા.૨૫

અમેરિકન પ્રમુખ જો બાઈડેન દ્વારા આયોજિત ક્વાડ જૂથની સૌપ્રથમ વ્યક્તિગત બેઠકમાં ભાગ લેતાં પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન યોશિહિદે સુગાએ દ્વિપક્ષીય સંબંધોની ચર્ચા માટે વ્યક્તિગત બેઠક કરી હતી. આ બેઠકમાં તેમણે મુક્ત અને સમાવેશક ભારત-પેસિફિક પ્રદેશ પર ભાર મૂક્યો હતો. વધુમાં તેમણે અફઘાનિસ્તાન સહિત વર્તમાન વૈશ્વિક ઘટનાક્રમો અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં બંને નેતાઓ સંરક્ષણ ઈક્વિપમેન્ટ અને ટેક્નોલોજીસના ક્ષેત્રમાં આદાન-પ્રદાન સહિત દ્વિ-પક્ષીય સલામતી અને સંરક્ષણ સહયોગ વધારવા પર સંમત થયા હતા. વડાપ્રધાન મોદીએ જાપાનને તેનું મૂલ્યવાન ભાગીદાર ગણાવ્યું હતું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના ઉપપ્રમુખ કમલા રેલી સાથેની સૌપ્રથમ વ્યક્તિગત બેઠકમાં ભારત અને અમેરિકાને 'સ્વાભાવિક સહયોગી' ગણાવ્યા હતા. કમલા હેરિસે કહ્યું કે આખી દુનિયામાં જોખમમાં મૂકાયેલા લોકતંત્રની સ્થિતિ સુધારવા માટે ભારતના સાથને ખૂબ જ મહત્વનો ગણાવ્યો હતો. આ સાથે વ્હાઈટ હાઉસમાં બંને નેતાઓએ લોકતંત્ર, અફઘાનિસ્તાન અને ભારત-પેસિફિક જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. તેમણે ભારત-અમેરિકાના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. વ્હાઈટ હાઉસમાં ભારતીય મૂળના સૌપ્રથમ અમેરિકન ઉપપ્રમુખ કમલા હેરીસ સાથે પ્રથમ વ્યક્તિગત બેઠક કર્યા પછી એક સંયુક્ત નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે, ભારત અને અમેરિકાના મૂલ્યો એક સમાન છે, તેમના ભૌગોલિક-રાજકીય હિતો પણ એક સમાન છે. ભારત અને અમેરિકા વિશ્વના બે સૌથી મોટા અને સૌથી જૂના લોકતંત્રો હોવાનું નોંધતા મોદીએ જણાવ્યું હતું કે, બંને દેશો મૂલ્યો એક સમાન છે અને તેમનો સહયોગ ક્રમશઃ વધી રહ્યો છે.

મોદીએ કોરોનાના મુશ્કેલ સમયમાં ભારતને સતત સાથ આપવા બદલ અમેરિકાનો આભાર માન્યો હતો. કમલા હૈરિસની પ્રશંસા કરતા મોદીએ કહ્યું કે, અમેરીકાના ઉપરાષ્ટ્રપતિ પદે થયેલી આપની ચૂંટણી એક ઐતિહાસિક ઘટના બની રહી છે. આપ વિશ્વના અનેક લોકો માટે પ્રેરણા સ્રોત સમાન છો. કમલા હૈરિસને ભારત આવવાનું નિમંત્રણ આપતાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, 'ભારતના લોકો આપનું સ્વાગત કરવાની પ્રતિક્ષા કરી રહ્યાં છે. હું આપને ભારત આવવાનું નિમંત્રણ આપું છું.' બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોમાં આગેકૂચની પ્રશંસા કરી હતી.

# તંત્રી લેખ

## ધરતી,જળ-વાયુને પ્રદુષિત કરતા ઝેરી પ્રદૂષણો વિશ્વના દેશો ક્યારે રોકશે...?

દેશમાં જળ-વાયુ પ્રદૂષણમાં મોટાભાગે નાના- મોટા ઉદ્યોગો વધુ જવાબદાર છે. છેલ્લા કેટલાક વર્ષોથી લોકોપયોગી નદીઓમામાં ગંદા પાણી નિકાલના ગેરકાયદેસર જોડાણો કરી જે તે કેટલીક નગરપાલિકાઓ અને કેટલીક મહાનગરપાલિકાઓ પણ લોકોપયોગી નદીઓના પ્રદુષણ વધારી રહ્યા છે. દેશનાં વિવિધ રાજ્યોમાં નદીઓને પ્રદૂષણ મુક્ત રાખવા સરકારનું ખાસ તંત્રો પણ છે. પરંતુ આ તંત્રને નદીમાં કે હવામાં છોડવામાં આવતા પ્રદૂષણની કાંઈ જ પડી નથી. સરકાર હસ્તકનું પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કેવી કામગીરી કરે છે તેનો અણસાર પ્રજાજનોને પણ થવા લાગ્યો છે. નજરે દેખાતું નદીમાંનુ પાણી પ્રદૂષણ અંગેના પુરાવા સહિત ની ફરિયાદો કરવામાં આવે કે તેને જાહેરમાં પ્રસિદ્ધિ આપવામાં આવે છે અને તે પણ વારંવાર છતા આવી બાબતોને કોઈ અસર પ્રદૂષણ બોર્ડને થતી નથી.... એ જ હાલત મનપા આરોગ્ય વિભાગની છે. જાણે છે કે નદીના પાણીનો ઉપયોગ લોકો પીવામાં તેમજ ખેતીમાં વધુ કરે છે અને પ્રદૂષિત પાણીને કારણે લોકો વિવિધ રોગોનો ભોગ બને છે. ત્યારે તેની ફરજ નથી કે તે નદીઓમાં ઝેરી કેમીકલયુક્ત પ્રદુષિત પાણી છોડતા તથા જે-તે નદી વિસ્તારમાં ગટર કનેક્શન દ્વારા નદીમાં છોડાતા ગંદા પ્રદૂષિત પાણી રોકવા પગલાં લઈ શકે....? જોકે હવે જન માનસમાં એક જ વાત સાબિત થઈ ગઈ છે કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કે મ્યુ. આરોગ્ય તંત્ર એટલે ×નામ બડે ઔર દર્શન ખોટે×. આમ લોકોમાં એવી ચર્ચા છે કે તંત્ર પ્રજાના સ્વાસ્થ્યની સંભાળ રાખવા શા માટે કોઈ પગલાં લેતું નથી....? કે પછી આંતરિક પ્રસાદમ્ અર્પણ નીતિ છે....?! અને આ પ્રદુષણમાં વધુ ઉમેરો પ્લાસ્ટીક વેસ્ટેજનો થયો છે. તેમાં પણ પીવાના પાણીની ખાલી બોટલો, જે તે ખાધ પદાર્થો પેકીગ પાઉચનો વેસ્ટ, તમાકુ ગુટકા વેસ્ટ તથા ૫૦ માઈક્રોનથી નીચા પ્લાસ્ટિક કે જેનો ઉપયોગ પેકિંગ માટે, સમાન ભરવાના ઝબલા કે થેલી તરીકે થાય છે. તેનું વેસ્ટ પણ વધુ પ્રમાણમાં પ્રદુષણ ફેલાવવામાં મદદ કરે છે. જે હકીકતો સરકારી તથા અર્ધ સરકારી તંત્ર જાણે છે..... પરંતુ ક્યા કારણે આવા પ્રદૂષણ રોકવા આકરા પગલા લેવામા આવતા નથી.....? તે સૌથી મોટો પેચીદો પ્રશ્ન છે.....!

વર્ષો પહેલા પ્લાસ્ટિકની શોધ થઈ ત્યારે તે શોધને ક્રાંતિકારી ગણવામાં આવેલ અને આજે એજ શોધ વિશ્વભરના દેશો માટે માથાનો દુખાવો સાબિત થઈ ગઈ છે. પ્લાસ્ટિક જમીનમાં ઉતરતા પાણી રોકે છે, નદીઓમાં વહેતા પાણી રોકવામાં કે પાણીની ઝડપ ઘટાડવામાં મહત્વનો ભાગ ભજવે છે... પરિણામે ધરતી પણ કસ વિહીન થતી જઈ રહી છે. તેમાં પણ પ્લાસ્ટિક પ્રદૂષણનો ભાગ વધું છે. વિશ્વભરના દેશોમાં એક પણ ઘર, વેપાર-ધંધાનુ સ્થળ એવુ નહીં હોય કે જ્યાં પ્લાસ્ટિકમાંથી બનેલી જે તે ચીજ વસ્તુઓનો ઉપયોગ થતો નહીં હોય. વૈશ્વિક આંકડા દર્શાવે છે કે પ્લાસ્ટિક શોધ પછી ૭૦ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં સમગ્ર વિશ્વમાં ૮.૩ અબજ ટન પ્લાસ્ટિકનું નિર્માણ થયું છે, અને તે પૈકીના વેસ્ટમાંથી માત્ર ૨૦ ટકા વેસ્ટનુજ રિસાયક્લિંગ થયેલ છે. તો ભારતમાં ૨૬ હજાર મેટ્રીક ટનથી વધુ પ્લાસ્ટિક કચરો પેદા થાય છે, જેમાં વધુ પ્રમાણમા પ્લાસ્ટિક કચરો શહેરોમાં પેદા થાય છે. જ્યારે કે કુલ પ્લાસ્ટિકનું નિર્માણ થયું છે તેમા અડધો અડધ સિંગલ પ્લાસ્ટિકનુ ઉત્પાદન છેલ્લા ૨૦ વર્ષમાં થયું છે અને આ સિગલ પ્લાસ્ટીક ઉત્પાદનોને સૌથી વધુ નુકસાન ધરતી, પશુ- પંખીને કર્યું છે તો માનવ જીવોને વિવિધ ગંભીર રોગોના ભોગ બનાવ્યા છે.અને તેમાં પણ નદીઓના વહેણ અટકાવી ફળદ્રુપ જમીનોને બંજર બનાવી છે.... પરિણામે તેની અસરો કૃષિ ઉત્પાદનો પર થઈ છે- કૃષિ ઉત્પાદનો ઓછા થવા લાગ્યા છે. આ બધું છતાં માનવ હિતમાં જળ- વાયુ પ્રદૂષણ રોકવા કોઈપણ દેશની સરકાર કે તેનું તંત્ર આકરા પગલા લેવા તૈયાર નથી....! કારણ શું તે કોઈ સમજી શકતું નથી. જો કે ભારત સરકારે સિગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય લીધો છે... પરંતુ તેનો અમલ ૨૦૨૨ જુલાઈ થી કરવામાં આવશે. ભારત સરકારનુ આ એક આગવું હિતકારી પગલુ છે.... આવકારદાયક છે. પણ અમલ કેટલો થાય છે તે તો આવનારો સમય બતાવશે.....!

વંદે માતરમ્

# સદાબહાર સુર - ૩૯

## અવિનાશ વ્યાસ

અવિનાશ વ્યાસ માટે એવું કહેવાય છે કે "એમના ભજનો એટલે શબ્દની આંખે અને સ્વરની પાંખે આતમને જગાડતા ભજનો."

એક સુગમ સંગીતના કાર્યક્રમમાં અવિનાશ વ્યાસ માટે કહેવાયેલી વાત આજે યાદ આવે છે, " માણસ જ્યારે ભીતરથી શાંત અને સભર હોય ને ત્યારે બહાર એ કોલાહલ , દેકારો , કે ખળભળાટ ઓછો કરશે.."


અવિનાશ વ્યાસ પણ કદાચ એટલે જ આટલા શાંત હતા કારણકે એ અંદરથી સભર હતા. અવિનાશ વ્યાસના ભજનોમાં આ બળ છે જે આપણને અંદરથી સભર અને શાંત કરે છે.

અંદર સભર હોવું એટલે અપેક્ષારહિત હોવું. જે અંદરથી સભર અને અપેક્ષારહિત છે એ સ્વકેન્દ્રી ન રહેતાં સર્વકેન્દ્રી બની રહે. જેના મનમાં સર્વ માટેનો ભાવ છે એમના માટે પરજન પણ સ્વજન સમા.. એવો આપણે સીધો સાદો અર્થ કરીએ તો એ વાત પણ અવિનાશ વ્યાસ માટે કરી શકાય.

અવિનાશ વ્યાસ માત્ર ગીતકાર કે સંગીતકાર તરીકે નહીં, માનવી તરીકે કેવા હતા એની વાત કરતાં ગુજરાતી ફિલ્મોના સિનિયર ગીતકાર કેશવ રાઠોડે પોતાનો અનુભવ વર્ણવ્યો છે એ કહે છે કે, "એક ફિલ્મનાં ગીતો હું લખતો હતો. મારા પરિવારમાં એક નિધન થતાં મારે ત્યાં દોડવું પડ્યું. ફિલ્મનું એક ગીત અવિનાશભાઈએ રચીને રેકોર્ડ કરાવી લીધું. મહેનતાણાની વાત આવી ત્યારે એમણે પ્રોડ્યુસરને કહી દીધું કે કેશવ રાઠોડ આ ફિલ્મના ગીતકાર છે. મહેનતાણું એમને આપી દોપ"

ક્યારે કોઈ આવું કહી કે કરી શકે ? મનમાં કશે પહોંચી જવાની કે કંઈક પામવાની લાલસા ન હોય કે કોઈ સ્પર્ધા કે અપેક્ષાના ભાવ ન હોય ત્યારે જ ને?

સ્વભાવની આવી સરળતા હોય ત્યારે જ ભગવાનનું નામ આસાનાથી હૈયે આવે. આજે અવિનાશ વ્યાસના એવા ગીતો જેને આપણે ભજનની કક્ષાએ મુકી શકીએ એવા ગીતોની વાત કરવી છે.




અવિનાશ વ્યાસના ભજનોમાં એવું બળ છે જે આપણને અંદરથી, અંતરથી શાંત અને સભર કરી દે. આગળ કહ્યું તેમ અન્યની જેમ અવિનાશ વ્યાસને ભજનિકોની કક્ષાએ મુકી શકાય કે કેમ એ એક સવાલ છે પરંતુ એમના ભજનો સાંભળીએ તો એ આપણો આત્મા જાગ્રત તો જરૂર થાય છે જ.

સામાન્ય રીતે ભજનો માટે એવું કહેવાય છે કે ભજનો કે ભગવાનનું નામ આત્માનો ઉદ્ધાર કરે એ પહેલાં આત્માને ઉદ્ધાર માટે સજ્જ કરે છે. અવિનાશ વ્યાસના ભજનો આપણા ભીતરના આત્માની ચેતના જાગ્રત કરતાં ભજનો છે. પણ જ્યારે આપણા ભીતરના ભેરુ જેવો આત્મા જ ખોવાયો હોય ત્યારે શું?

આડી-અવળી ચાલી જતી ડગર પર કોઈ એક તો ભોમિયો છે, જે આપણને આ ભવાટવીમાં ભૂલા નહી પડવા દે એવી નિશ્ચિંતતાથી ચાલ્યા જતાં હોઈએ છીએ. અને અચાનક એવું લાગે કે જેના ભરોસે આગળ વધી રહ્યાં હતાં એ જ મારગને ચીંધનારો ક્યાંક અટવાયો છે ત્યારે ? આપણાં જીવનપથનો સાચો માર્ગદર્શક છે આપણો આત્મા પણ ક્યારેક મૂંઝાય કે અટવાય ત્યારે ?

ત્યારે અવિનાશ વ્યાસના આ શબ્દો યાદ આવે...

"ભીતરનો ભેરુ મારો આતમો ખોવાયો,<br>
મારગનો ચીંધનારો ભોમિયો ખોવાયો રે,<br>
વાટે વિસામો લેતા જોયો હોય તો કહેજો...

આમ તો ઈશ્વરને કોણે જોયા છે? એ એક અદીઠ તત્વ અને તેમ છતાં આપણે એનામય થઈ શકીએ છીએ. એને જોતાં નથી તેમ છતાં એની હાજરી, એનું અસ્તિત્વ છે એમ સ્વીકારી શકીએ છીએ. એનું કારણ આપણી એના પરની શ્રદ્ધા છે. પણ ક્યારેક એવું બને કે જાણે આપણી અંદરથી એક જાતનો ખાલીપો સર્જાય. આપણી ચેતામાં જાણે કોઈ શૂન્યાવકાશ સર્જ્યો હોય એવું લાગે. કોઈ સૂઝબૂઝ કામે ન લાગે એવી સ્થિતિમાં અવિનાશ વ્યાસના આ શબ્દો, આ રચના આપણા માટે જ લખાઈ હોય એવી અનુભૂતિ થાય.

એ કહે છે,

એના રે વિના મારી કાયા છે પાંગળી,<br>
આંખ છતાંય મારી આંખો છે આંધળી,<br>
મારા રે સરવરિયાનો હંસલો રીસાયો રે<br>
સરવરમાં તરતો કોઈએ જોયો હોય તો કહેજો...

પા પા પગલી માંડતું બાળકને જેની આંગળી ઝાલીને ચાલતા શીખે ત્યારે એ અણસમજુ બાળકને પણ અંદરથી એક વિશ્વાસ હોય કે જે મારો હાથ ઝાલીને દોરે છે એ મને પડતા પહેલાં સાચવી લેશે. એવા જ અનન્ય વિશ્વાસ સાથે આપણે ઈશ્વર સાથે જોડાયેલા હોઈએ છે. આપણે જાણીએ છીએ કે, એ છે તો આપણી અંદરનું, આપણી આસપાસનું વિશ્વ સલામત છે. પણ કોઈ એવી કાચી ક્ષણે ઈશ્વર પરની અપાર શ્રદ્ધા હોવા છતાં ક્યારેક આપણે ભીતરથી ડગમગી જતાં હોઈએ એવી લાગણી થાય. અચાનક આપણે અનુભવીએ કે જાણે આપણા ભીતરી વિશ્વને, આપણાં આત્માને ઈશ્વરની સાથે આપણને, જોડી રાખતો સેતુ તુટ્યો છે.

દિશાસૂચક દિવાદાંડી ભલે દૂર છે, પણ એ છે ત્યાં સુધી આપણે સાચી દિશાએ જઈ રહ્યા છીએ એવા વિશ્વાસ સાથે સફર આદરી હોય અને ઘેરા ધુમ્મસ આડે એ દિવાદાંડી જ ન દેખાય તો કેવી કપરી દશામાં આપણે ફંગોળાઈ ગયા હોય એવો ભય જાગે.

એવી રીતે આ ભવસાગરની સફરમાં આત્માને ઉજાસ આપતી દીવાની શગ જેવી ઈશ્વર પરની શ્રદ્ધા આડે મનમાં અવઢવની જે આંધી ઉમટે અને ક્યારેક નિસહાયતા અનુભવાય. બ્રહ્માંડમાં સૌથી વધુ તાકાતવર ઈશ્વરીય શક્તિ પછીની શક્તિ છે આપણું મન, આપણો આત્મા. ઈશ્વર સાથે સૂર સાધતો આત્મારૂપી તાર-લય તૂટે અને આખી સૂરાવલી જાણે છૂટી જાય અને પ્રલય જેવી આંધી ઉમટી હોય એમાં સઘળું ડામાડોળ થઈ જાય.

તનડું રુધાણું મારું, મનડું રુંધાણું,<br>
તાર તૂટ્યો રે અધવચ ભજન નંદવાણું,<br>
કપરી આંધીમાં મારો દીવડો ઝડપાયો રે,<br>
આખો સળગતો કોઈએ જોયો હોય તો કહેજો...

શક્ય છે આ ભાવ, આ અનુભૂતિ આપણા જીવનમાં પણ ક્યારેક સંભવી હોય. ફક્ત એ વ્યક્ત કરવા માટે આપણી પાસે શબ્દો નથી જે અહી અવિનાશ વ્યાસ પાસે છે.

આવી તો અનેક રચનાઓ છે, જેની વાત ફરી આવતા અંકે.

Rajul Kaushik<br>
http://<br>
www.rajul54.wordpress.com




# અંબાજીમાં ભક્તોએ ચઢાવેલી ૯૦ ટકા ચાંદી નકલી

અંબાજી ,તા.૨૫

અંબાજી મંદિર ટ્રસ્ટના હિસાબી અધિકારી સવજીભાઈ પ્રજાપતિએ જણાવ્યું કે, અંબાજી મંદિર લોકો બાધા માનતા પુરી કરે છે, ત્યારે માતાજીને ચાંદીથી બનેલા છત્તર, ત્રિશુલ, નાના ઘર જેવા અનેક આભૂષણો ધરાવી પોતાની માનતા પૂર્ણ કરતા હોય છે. પણ મંદિરમાં મોટી સંખ્યામાં આવેલા આવા ચાંદીના આભૂષણો પણ સામેલ છે, જેમાના ૯૦ ટકા જેટલા આભૂષણો ખોટા જોવા મળ્યા છે. જેને લઈ મંદિર ટ્રસ્ટે પણ ચિંતા વ્યક્ત કરી છે. આવા આભૂષણોમાં છેતરાતા યાત્રિકોને ખરાઈ કરીને ચાંદી ખરીદ કરવા અપીલ કરવામાં આવી છે. એક તરફ ચાંદી ખરીદનારા ભક્તો લૂંટાય છે, તો બીજી તરફ મંદિરને પણ મોટી ખોટનો સામનો કરવો પડે છે. જેથી યાત્રિકોએ આવા આભૂષણો કોઈ પણ દુકાનથી ન ખરીદીને ચોકસાઈવાળી દુકાનેથી ખરીદવા જોઈએ. એટલુ જ નહિ, મંદિરમાં લાખો રૂપિયાનું પરચૂરણ આવે છે. જેથી બેંકો પણ હવે તે સ્વીકારતી નથી. અંબાજી મંદિરમાં હાલ ૬૦ થી ૭૦ લાખ રૂપિયાના પરચૂરણનો ભરાવો થયો છે. જેથી મંદિર ટ્રસ્ટે પરચૂરણની જરૂરીયાતવાળા લોકોને ઘર બેઠા પહોંચાડવાની પણ વ્યવસ્થા કરી છે. બનાસકાંઠામાં મા અંબાના ધામમાં પૂજાપાના વેપારીઓ ભક્તોને ચુનો ચોપડા હોવાનું સામે આવ્યું છે. યાત્રાધામ અંબાજી માં મંદિર ટ્રસ્ટે ભાદરવી પૂનમ બાદ ભંડારાની ગણતરી ચઢાવલી ચાંદી નકલી હોવાનું સામે આવ્યું છે. છેલ્લા બે વર્ષમાં ભક્તો દ્વારા માતાજીને ચઢાવવામાં આવેલા પૂજાપાની ૧૧૩ કીલોની ચાંદી નકલી હોવાનું સામે આવ્યું છે. જેને ટ્રસ્ટ દ્વારા હવે ખોટી ખાખર તરીકે ગણી તેની હરાજી કરી નિકાલ કરશે.યાત્રાધામ અંબાજીમાં લાખો શ્રદ્ધાળુઓ મા અંબાના દર્શન અને વિવિધ બાધા-આખડી પૂર્ણ કરવા આવે છે. અંબાજી આવતા માઇ ભક્તો આખડી પૂર્ણ કરવા સ્થાનિક પ્રસાદના સ્ટોર પરથી ચાંદીના છત્રોથી માંડી યંત્રો, નેત્ર, માતાજીના પગલા ખરીદી માતાજીના ભંડારમાં અર્પણ કરે છે. પરંતુ મા અંબાની સન્મુખ રાખેલી દાનપેટીમાં ચાંદીના છત્ર સીધાજ ભંડારમાં જમા થાય છે. પરંતુ તે નકલી ચાંદીથી બનેલ હોવાનું સામે આવ્યું છે. ગણતરીમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ભંડારમાં ૨૭૩ કિલો અને વર્ષ ૨૦૨૧માં ભંડારમાં ૧૧૩ કિલો ખોટી ચાંદીનો પૂજાપો એકઠો થયો છે. સોની પાસે દર વર્ષે આ જથ્થો ચેક કરાવાય છે. જેમાં આ ચાંદી નકલી હોવાનું સામે આવ્યું હતું. ૧૫ સપ્ટેમ્બરથી ભાદરવી પૂનમ ૨૦ સપ્ટેમ્બર સુધી ૫ થી ૬ લાખ જેટલા જ યાત્રિકો અંબાજી આવ્યા હતા. ભંડારમાં છૂટક દાન ભેટ નાંખવામાં આવે છે, તેની ગણતરી હાથ ધરવામાં આવી હતી. સુરક્ષા કર્મીઓની ઉપસ્થતિમાં ૮૦ જેટલા કર્મચારીઓ દ્વારા આ ભંડારાની ગણતરી હાથ ધરવામાં આવી હતી. ગત મેળાની આવક કરતા ચાલુ વર્ષે આવકમાં ૫૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. ગત ભાદરવી પૂનમના મેળામાં દાન-ભેટની આવક ૧.૫૬ કરોડ થઈ હતી. જોકે, મંદિરમાં મોટી સંખ્યામાં આવેલા આવા ચાંદીના આભૂષણોમાં ૯૦ ટકા જેટલા આભૂષણો ખોટા હોવાનું સામે આવ્યુ છે. ભક્તો ખોટા આભૂષણ ખરીદી માતાજીને અર્પણ કરે છે, જેનાથી મંદિરને પણ મોટી ખોટનો સામનો કરવો પડે છે. અંબાજી મંદિરમાં હાલ ૬૦ થી ૭૦ લાખ રૂપિયાની પરચૂરણનો ભરાવો થયો છે. મંદિર ટ્રસ્ટે પરચુરણની જરૂરીયાતવાળા લોકોને ઘર બેઠા પહોંચાડવાની પણ વ્યવસ્થા કરી છે. યાત્રાધામ અંબાજી માં ચાલુ વર્ષે ભાદરવી પૂનમનો મેળો બંધ રખાતા અંબાજી મંદિર ટ્રસ્ટને દાનની રકમમાં મોટી ખોટ પડી છે. દર વર્ષે ૭ દિવસના મેળા દરમિયાન ૨૫ થી ૩૦ લાખ શ્રદ્ધાળુઓ અંબાજી મંદિરે આવતા હોય છે. પણ ચાલુ વર્ષે કોરોનાની સંભવિત ત્રીજી લહેરને લઈ મેળો બંધ રખાયો હતો. પણ બાધા આખડી પૂરી કરનારા શ્રદ્ધાળુઓ માટે મંદિર ખુલ્લું રાખવામાં આવ્યું હતું.


# નેહા કક્કરે ગુજરાતની દીકરીની ઈચ્છા પૂરી કરી

અમદાવાદ ,તા.૨૫

સરગાસણમાં રહેતી ફલોરાની કલેકટર બનવાની ઈચ્છાની સાથે સાથે તેને પ્રસિદ્ધ ગાયિકા નેહા કક્કડના ગીતો સાંભળવાનો પણ ગજબનો શોખ હતો. રેડિયો કે ટીવીમાં નેહા કક્કરના ગીતો સાંભળતાની સાથે જ ફલોરા ઝૂમી ઉઠતી હતી.

ફલોરાની માતા સોનલ બેન આસોડીયા કહે છે કે, આજે મારી દીકરીની વર્ષગાંઠ છે અને તે સદાય એવું કહેતી કે નેહા કક્કર મને બર્થ ડે વિશ કરે તો મને ખૂબ ગમે. મારી દીકરી જયારે એક દિવસ માટે કલેક્ટર બની ત્યારે જ આ વાતને જિલ્લા કલેક્ટર સમક્ષ કરી હતી અને તેમણે મને ખાતરી આપી કે ફલોરાના જન્મદિવસે નેહા કક્કર તેને બર્થ ડે વિશ કરે તે માટે બધા જ પ્રયત્નો કરીશ અને આજે નેહા કક્કડનો ફલોરાને બર્થ ડે વિશ કરતો વીડિયો અમને મળ્યો છે. આ વીડિયો જોતા જ ફલોરાના ચહેરા પર એક અજીબ પ્રકારનું નૂર દેખાયું છે. એટલે અમારા માટે આ એક વધારાની ખુશી છે એમ તેઓ ઉમેરે છે.' જિલ્લા કલેકટર સંદીપ સાંગલેએ જણાવ્યું હતું કે, દીકરી ફલોરા જયારે એક દિવસ કલેક્ટર બનીને અમારી ઓફિસે આવી. ત્યારે જ તેની આ ઈચ્છાની પણ તેના પરિવાર પાસેથી અમને જાણવા મળી હતી. ત્યારે જ અમે પ્રસિદ્ધ ગાયિકા નેહા કક્કરનો સંપર્ક કરવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. અને અમે સફળ પણ થયા તેના પગલે ફલોરાના ચહેરા પરની ખુશી જ અમારા માટે સર્વસ્વ બની છે.' 'મારી ૧૧ વર્ષની દિકરી ફલોરા ધોરણ ૭માં અભ્યાસ કરી રહી છે. ફલોરાને એક દિવસ માટે કલેક્ટર બનવાની ઈચ્છા અમદાવાદ જિલ્લા કલેકટર સંદીપ સાગલેએ પૂર્ણ કરી છે. પરંતુ આ જ વહીવટી તંત્રની પહેલને કારણે ફલોરાની બીજી ઈચ્છા પણ આજે પૂર્ણ થઈ છે.

## અંતરનાં આયનામાં....
### (લેખાંક - ૭૨)
### વર્ષા જાની



પરિવર્તન એ સંસારનો નિયમ છે. જન્મ મરણ એ જિંદગીનો ક્રમ છે. જીવનમરણના ફેરાથી સંસાર ચક્ર સતત ચાલતું જ રહે છે. ઋણાનુબંધ વગર કોઈ કોઈને મળતું હોતું નથી.મા, બાપ, ભાઈ, બહેન, પતિ, પત્ની, પુત્ર, પુત્રી અને અન્ય વ્યક્તિઓ સાથેનું મિલન આપણા ઋણના અનુબંધના આધારે જ મળે છે. એકબીજા સાથેના ઋણાનુબંધ જેવા પૂરા થાય કે તરત જ એક ક્ષણ પણ કોઈ એકબીજાને મળી કે જોઈ શકતું જ નથી. ઈશ્વર દરેક જીવનો કેટલો પાક્કો હિસાબ રાખે છે. દરેકની ખાતાવહીમાં પલેપલની એન્ટ્રી વગર કમ્પ્યુટરે કેવી પડી જતી હશે!ઘણીવાર માણસ બીજાની સાથે છેતરપિંડી કરીને ઘણો ખુશ થતો હોય છે! પણ એ ઈશ્વર ના ક્લિયરકટ હિસાબમાંથી તો બિલકુલ છટકી શકવાનો નથી. ગમે ત્યારે, ગમે તે જન્મારે એનું વ્યાજસહિત ઋણ ચૂકવવું તો પડે જ!! ઉપરથી એ વ્યક્તિને દુઃખ પહોંચાડીને એનો અભિશાપ પણ લેવાનો! ક્ષણિક લાભ માટે દરેક જગ્યાએથી ચાર ગણો ગેરલાભ જ ભોગવવા નો છે! આ માણસજાત માણસ સાથે હિસાબ કરવામાં તો જરાય કસર છોડતી જ નથી. કેમકે માણસ તો એની સામે જ હોય છે ને? માણસ સાથે મુખોમુખ ગણતરી થતી હોય છે. એટલે જ કમસેકમ સંબંધ નિભાવવા ખાતર કે સગપણ રાખવા ખાતર પણ ઔપચારિક રીતે માણસને રાજી કરશે, ઈશ્વરની નારાજગી જોયા વગર પણ!! પણ ઈશ્વર પોતાનાથી નાખુશ થઈને એની સજા ફટકારશે એ તો માણસ સાવ ભૂલી જ બેસે છે! દરેક સારી નરસી બાબતો કર્મ આધીન થઈને ભોગવવી પડે છે.સારા કર્મનું ફળ સારું ને ખરાબ કર્મનું ખરાબ! જેવું વાવીએ એવું જ લણવાનું!

કોઈ એવું અકળ તત્વ તો છે જ, જેનાં હાથમાં સમગ્ર બ્રહ્માંડની ચાવી રહેલી છે. એ પરમતત્વ ધારે તે કરી શકે છે!કોને જીવન આપવું કે કોનું જીવન કાપવું! એ બહું મોટો વેપાર, વ્યવહાર પુરેપુરો નિભાવી જાણે છે.

ઈશ્વરની મરજી વગર કુદરતી હવાનો લસરકો પણ પામી શકાતો નથી.કે વરસાદનું ટીપું ય પડતું જોઈ શકાતું નથી..!ઈશ્વર રૂઠે ત્યારે અનેક કુદરતી હોનારતોનો આપણે ભોગ બનીએ છીએ.આભ ફાટી પડતું હોય ત્યાં થીગડાં કેમ દઈ શકાય? કે પૂરના પાણીનાં ધસમસતા પ્રવાહને આડો હાથ દઈ શકાય છે ખરો? એ તો ઈશ્વરને માટે જ શક્ય બની શકે! એટલે જ શ્રાવણ વદ આઠમની મેઘલી મધરાતે બે કાંઠે ધસમસતા પૂરના પ્રવાહમાંમાથા પર ટોપલામાં લઈ જતાં ભગવાન બાલકૃષ્ણ માટે વસુદેવને યમુના રસ્તો કરી આપે! બાકી આપણે તો પામર મનુષ્ય, ગમે તેટલા ધમપછાડા કરે, પોતાનું ધાર્યું કરવા માટે.. અને છતાંય એમાં સફળ ન થાય એટલે હાર્યા અટકે., વાર્યા ન અટકે!

કુદરતનાં નીતિનિયમોમાં છેડાછાડ કરવી એટલે જે ડાળી પર બેઠાં હોઈએ ત્યાં કુહાડો મારવા જેવી મૂર્ખાઈ કરી કહેવાય! માણસે ટેક્નોલોજી પર જીત મેળવીને દુનિયાને સાંકડી બનાવી દીધી છે. પણ સાથે સાથે માનવીના મનને પણ સંકુચિત બનાવી દીધાં છે.

આકાશમાં રહેલાં અગણિત તારાઓને ન ગણી શકનાર પામર મનુષ્ય અંગત સ્વજનોની સાથે પ્રેમના, સ્નેહનાં લેખજોખા કરતો થઈ ગયો છે.

દિલના સ્નેહથી જ ખરો સંબંધ નભે, કોઈપણ પ્રકારના વાદકોદથી નહીં..!!

વર્ષા જાની<br>
ભાવનગર<br>
૨૬ સપ્ટેમ્બર,૨૦૨૧

## સ્પોર્ટ્સ ક્ષેત્રે ગુજરાતનો આર્મી મેને વોક રેસમાં મેળવ્યો મેડલ

અમદાવાદ ,તા.૨૫

કોરોના મહામારીમાં તેઓ પણ કોરોની ઝપેટમાં આવ્યા હતા, પરંતુ તેમ છતા તેમણે પ્રેક્ટિસ છોડી ન હતી. સતત વોક, યોગા કરવાના કારણે કોરોનાથી તેઓ જલ્દી રિકવર થયા હતા.

આ કારણે જ તેઓ બ્રોન્ઝ મેડલ સુધી પહોંચી શક્યા હતા. સાગર જોશીનું એક જ સપનુ છે કે, તેઓ ઓલિમ્પિકમાં ભાગ લે. હાલ તેઓ સતત મહેનત કરે છે, જેથી ઓલિમ્પિક સુધી પહોંચી શકે. આ વર્ષે માત્ર ૩૩ પોઈન્ટના કારણે સાગર જોશી ઓલિમ્પિકમાં જઈ શક્યા ન હતા. જેથી તેઓ હાલ આ માટે અથાગ પ્રયાસો કરી રહ્યાં છે. ગુજરાતીઓ ધારી લે તે ગમે તે ક્ષેત્રમાં સફળતાના શિખર પર પહોંચી શકે છે. સ્પોર્ટ્સ ક્ષેત્રે પણ હવે ગુજરાતીઓ કાઠુ કાઢી રહ્યાં છે. સ્પોર્ટ્સ ક્ષેત્રે વધુ એક ઝળહળતો સિતારો સામે આવ્યો છે.

# દ્વારકાના મંદિરના પગથીયે ઝરણા વહેતા થયાનો નજારો અદભૂત

દેવભૂમિ દ્વારકા ,તા.૨૫

દ્વારકા ના દરિયામાં આજ રોજ વરસાદના કારણે કરન્ટ જોવા મળ્યો હતો. દ્વારકામાં સંગમનારાયણના મંદિર પાસે દરિયા તેમજ ગોમતી નદીનું સંગમ થાય છે, ત્યાં જ ભારે વરસાદ ના કારણે દરિયામાં કરન્ટ જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે દ્વારકા માં વરસાદની મોજ માણતા લોકો ગોમતીઘાટ પર ન્હાવાની મોજ પણ લેતા હોય છે પરંતુ દરિયામાં કરન્ટ હોવાના કારણે લોકોની પાંખી હાજરી જોવા મળી હતી પરંતુ દ્વારકામાં વરસાદના કારણે ધસમસતો પ્રવાહ ગોમતી નદીમાં જતો હોય અને દરિયામાં પણ વરસાદી માહોલના કારણે ગોમતીઘાટ પરના દરીયા માં કરન્ટ જોવા મળ્યો હતો.યાત્રાધામ દ્વારકાના જગત મંદિરના સ્વર્ગ દ્વાર પર ભારે વરસાદના કારણે ધસમસતો પ્રવાહ જોવા મળ્યો હતો. આહ્લાદક દ્રશ્યો જગત મંદિરના છપ્પન સીડી પર વરસાદી પાણીના દ્રશ્યો સર્જાયા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દિવસથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે ત્યારે આજે વહેલી સવારથી જ ભારે વરસદ વરસાદમાં દ્વારકાના જગત મંદિરના સ્વર્ગ દ્વાર પર વરસાદના પાણીના પ્રવાહથી આહલાદક દ્રશ્યો જોવા મળ્યા હતા. વરસાદી માહોલ વચ્ચે પણ લોકો દર્શનાર્થે આવી રહ્યા છે અને ભક્તો દ્વારકાધીશ પર અતૂટ શ્રદ્ધા પણ રાલિ કશું થશે નહી તેવો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે દ્વારકા ના જગત મંદિર ના સ્વર્ગ દ્વાર પર છપ્પન સીડી પર મંદિર માંથી વરસડી પાણી નીચે વહેતા દ્રશ્યો થી સ્થાનિકો અને યાત્રિકોના મન મોહી લે છે. જિલ્લામાં આજ વહેલી સવારથી જ સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે ત્યારે દ્વારકામાં વહેલી સવારથી જ વરસાદ ના કારણે ઈસ્કોન ગેઈટ વિસ્તારમાં પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાય હતી. યાત્રાધામ દ્વારકામાં આજ સવારથી જ વરસાદી માહોલ સર્જાયો હતો, ત્યારે દ્વારકામાં મોસમનો કુલ ૧૦૮ ટકા જેટલો વરસાદ વરસી ચુક્યો છે તરવામાં આજે સવારના સમયે વરસાદ વરસતાની સાથે જ ઈસ્કોન ગેઈટ વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા અને વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડી હતી. જોકે દ્વારકામાં એકથી દોઢ ઈંચ વરસાદ થાય અને પાણી ન ભરાઈ તે શક્ય જ નથી તે પ્રકારે દ્વારકામાં આજે વરસાદ થતાં જ ઈસ્કોન ગેઈટ વિસ્તારમાં પાણી ભરાઈ જવાની સમસ્યા હવે સામાન્ય બની છે અને લોકો તેમજ વાહનચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001